**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૮ ટકા













# 'હું છું ગાંધીનગર'

ગાંધીનગર કલ્ચરલ ફોરમના રજત જયંતિ વર્ષ ''પ્રસન્નતાના ૨૫ વર્ષ'' અને પંચ દિવસીય ગ્રીષ્મ મહોત્સવ અંતર્ગત ગાંધીનગરના ૧૦૦થી વધુ કલાકારો – બાળકલાકારોએ ગાંધીનગરના સ્થાપનાકાળથી લઇને વર્તમાન વિકાસની ઝાંખી કરાવતી ચતુષ્પરિમાણીય નૃત્યનાટિકા ''હું છું ગાંધીનગર'' પ્રસ્તુત કરી હતી. જેનો રસાસ્વાદ સૌ પ્રેક્ષકોએ મનભરી માણ્યો હતો.

ગાંધીનગર શહેરની સ્થાપનાથી લઈ આજે ૫૦ વર્ષે શહેરમાં થયેલા વિકાસની તેમજ પરિવર્તનની ઝાંખી નૃત્ય, સંગીત તેમજ નાટક દ્વારા કલાકારોએ ખુબ જ અદભૂત તેમજ હૃદયસ્પર્શી રીતે કરી હતી જેને શહેરીજનોએ બિરદાવી હતી. સ્થાપનાકાળથી સ્થાયી થયેલા વડીલોએ પોતાની જૂની મીઠી યાદો તાજી થતા આનંદ અનુભવ્યો હતો. સમગ્ર રજુઆતમાં શહેરના દરેક પાસા જેવા કે શહેરના સર્કલો, રોડના નામો, બગીચાઓ, મંદિરો, શૈક્ષણિક સંકુલો, સેવાભાવી સંસ્થાઓ વગેરેને વણી લેવામાં આવ્યા હતા. આ ચતુષ પરિમાણીય પ્રસ્તુતિમાં ગીત, સંગીત, લેખન, ગાયન, નૃત્ય સંચાલન, કલાકારો, નિર્દેશન ઉપરાંત વિઝયુઅલ ઈફેકટસ જેવી સંપૂર્ણ કામગીરી શહેરના જ કલાકારો અને ટેકનીકલ ટીમે સંભાળી હતી.

# મારી ચિંતા ના કર બેટા, તું જા કોઈને તારી જરૂર હશે

## માતાની પ્રેરણાથી જીવન આખું સેવાકીય પ્રવૃત્તિઓ અને આવકનો મોટો હિસ્સો દાનમાં ખર્ચતા ગાંધીનગરના નિવૃત્ત પ્રાધ્યાપક પ્રો. પૃથ્વીભાઈ શાહ : ૩૭ વર્ષ પ્રાધ્યાપક રહેવા છતાં વરિષ્ઠ વયે પણ ભાડાના મકાનમાં રહી સેવા સાથે સાદગીનો સાચો મર્મ શિખવાડે છે



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વર્ગના બાળકોને એક દાતાના દાન થકી તદ્દન નવા યુનિફોર્મ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વાવોલ પ્રગતિ મંડળના પ્રમુખે દાતા અંગે વાત કરતા કહ્યું કે, 'પૃથ્વીભાઈ શાહ માત્રા દાતા જ નહી પરંતુ શાળા પરીવારના એક સભ્ય છે.' આટલો સ્નેહ પ્રાપ્ત કરનાર ગાંધીનગરના વરિષ્ઠ સેવાભાવી પૃથ્વીભાઈ શાહ શહેરમાં અનેક વર્ષોથી સેવા-દાન પ્રવૃતિ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત વિવિધ સેવાકીય સંસ્થાઓની સ્થાપના અને સેવાકીય કાર્યોમાં પાયારૂપ ભૂમિકા ભજવી ચુકયા છે. નોકરી દરમિયાન પગાર અને નિવૃત્તિ પછી પેન્શનનો મોટો હિસ્સો માત્ર દાનમાં ખર્ચનાર પૃથ્વીભાઈ અંગત કારણોસર અપરિણિત રહ્યા છે અને વરિષ્ઠ વયે પણ ભાડાના મકાનમાં રહેવા સાથે તેમની બારેય માસની એક જ પ્રવૃત્તિ છે અને તે છે જરૂરિયાતમંદોને કોઈ પણ રીતે મદદરૂપ થવું. તેમના આ નિજાનંદી શોખનો શ્રેય તેઓ પોતાની માતા ઈન્દિરાબેને આપેલા સંસ્કારને આપે છે જેઓ રાત્રે પણ કોઈનો મદદ માટે ફોન આવે તો પ્રેરિત કરતા કહેતા કે 'મારી ચિંતા ના કર બેટા, તું જા કોઈને તારી જરૂર લાગે છે.'

કચ્છના અબડાસાના જૈન પરિવાર અને સરકારી અધિકારી હોવાથી અમદાવાદમાં આંબાવાડી ખાતે સરકારી વસાહત એલ કોલોનીમાં રહેતા નરેન્દ્રભાઈ શાહના પુત્ર પૃથ્વીભાઈ શાહને બેંકિંગ એન્ડ ફાઈનાન્સમાં એમ.કોમ. થયા પછી સરદાર વલ્લભભાઈ પટેલ કોમર્સ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે નોકરી મળી હતી. વર્ષ ૧૯૭૧માં સચિવાલય ગાંધીનગર ખાતે શિફ્ટ થતા માતા પિતા સાથે ગાંધીનગર રહેવા આવેલા પૃથ્વીભાઈ સવારે સાડા પાંચે ઉઠીને નોકરી માટે અમદાવાદ જતા અને બપોરે પરત ફરી અખબારમાં પત્રકાર તરીકે કાર્ય કરતા. તેમણે તે સમયે પહેલા 'પ્રભાત' પછી 'ગુજરાત સમાચાર'માં પત્રકાર તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત 'આસપાસ' જેવા મેગેઝીન અને 'ગાંધીનગર સમાચાર'માં પણ કટાર લેખન કર્યું હતું. આ સાથે જ તેઓ ૧૯૭૧થી બાલ્કન-જી-બારી સંસ્થામાં જોડાયા હતા. જેમાં શહેરની સરકારી શાળાઓના ગરીબ બાળકોને વાર્તાઓ કહેવી, પ્રવાસે લઈ જવા, રમત ગમતનું આયોજન કરવું, તેમને જરુરી ચીજવસ્તુઓ પુરી પાડવી જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા હતા. ૧૯૭૨માં તેઓએ લાલચંદ ગોપલાણી, લતાબેન ચોકસી, ડૉ. વી.એ. વ્યાસ, દિનેશ અંતાણી જેવા અગ્રણીઓ સાથે મળીને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખાની સ્થાપનામાં પાયારૂપ ભૂમિકા ભજવી હતી. રેડક્રોસ થકી તેમણે રકતદાનનો પ્રચાર કરવા સાથે કેમ્પ યોજવા, બાળ તંદુરસ્તી હરિફાઈ, ગરીબોને કપડાં વિતરણ, રમકડાં બેંક, અમદાવાદથી લાવીને પોલિયોની દવાના ડોઝનું વિતરણ જેવા કાર્યો કર્યા હતા. આ સાથે તેઓ સરકાર દ્વારા રચવામાં આવતી અનેક સમિતિઓ જેવી કે સેન્ટ જહોન એમ્બ્યુલન્સ સમિતિ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશ્યલ વેલ્ફેર, અછત રાહત સમિતિ, નાગરિક પુરવઠા સલાહકાર સમિતિ, હોસ્પિટલ સલાહકાર સમિતિ, એસએસસી બોર્ડ વગેરેમાં નિમણુંક પામતા રહ્યા છે. આ સાથે આકાશવાણીમાં ફિચર રાઈટર અને પ્રોડયુસર તરીકે અને ચિંતન શિબિરમાં વિષય નિષ્ણાંત તરીકે પણ સેવાઓ આપી ચુકયા છે.

પૃથ્વીભાઈ શાહને સેવા પ્રવૃત્તિ દરમિયાન વાવોલના સરદારસિંહ ગોલ ઉર્ફે સદાજી ગોલ સાથે મિત્રતા બંધાઈ ત્યારથી તેમની સેવાકીય પ્રવૃત્તિઓમાં વાવોલ ગામની શાળાનું મહત્વ થોડું વધુ રહ્યું છે. ૧૯૮૫-૮૬માં બનાસકાંઠાના દુષ્કાળ દરમિયાન માવસરી ગામમાં અછતગ્રસ્તોને મદદરુપ થવા તેમણે સદાજી ગોલને જણાવ્યું કે પાંચ સાત બોરી અનાજ એકઠું કરવું પડશે. સદાજીએ રાત્રે ગામમાં મિટીંગ બોલાવી વાત કરી અને જોતજોતામાં ગ્રામજનો તરફથી સો બોરી અનાજનું દાન એકત્ર થઈ ગયું. બસ પછી તો જાણે પૃથ્વીભાઈ વાવોલના આ સ્નેહનું વળતર ચુકવતા હોય તેમ દર વર્ષે શાળાના વિદ્યાર્થીઓને યુનિફોર્મ, નોટબુક-ચોપડા, રમતગમત અથવા અન્ય સ્પર્ધાઓમાં ઈનામો, શિયાળામાં સ્વેટર્સ, ઉનાળામાં પગરખા વગેરે પુરું પાડતા રહ્યા છે. એટલું જ નહી શાળામાં કોમ્પ્યુટર-પ્રિન્ટર વસાવવા દોઢ લાખ રૂપિયાનું દાન આપી ચુકયા છે અને લાયબ્રેરીમાં રૂપિયા ૧૫ હજારના પુસ્તકોનું દાન આપ્યું છે. છેલ્લા ૧૨ વર્ષથી વાવોલની શાળાની વિદ્યાર્થીનીઓના સ્કુલ ડ્રેસ પૃથ્વીભાઈ તરફથી જ આપવામાં આવે છે. માત્ર વાવોલ જ નહી ગાંધીનગરમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ હોય કે દહેગામ પાસેના બારિયા ગામની સ્કૂલ હોય તેમની દાનની સરવાણી દરેક જગ્યાએ સતત વહેતી રહી છે. વાવોલ માટે તો તેઓ કહે છે કે 'મને ખાત્રી હતી કે આ ગામમાં દાન આપીશ તો એ સાચા જરૂરિયાતમંદ સુધી પહોંચશે.' તેમણે કહ્યું છે કે 'ગામમાં કોઈ ગરીબ બાળક ભણ્યા વગર ના રહેવો જોઈએ.' જો હોય તો તેની ફી તેઓ પુરી પાડે છે.









પ્રો. પૃથ્વીભાઈ શાહ પ્રાધ્યાપક હોવા સાથે સાહિત્ય સર્જક પણ છે. અને તેઓ ત્રણ વાર્તાસંગ્રહ તથા એક કાવ્યસંગ્રહ પ્રકાશિત કરી ચુકયા છે તેમજ તેમનું લખેલું પુસ્તક 'કાશ્મીર ગુલાબી ઉપવનમાં લાવા' ખૂબ પ્રચલિત થયું હતું. તેમની સેવાકીય પ્રવૃત્તિઓમાં વતન કચ્છનો પણ સમાવેશ થાય છે જયાં તેઓ માનસિક દિવ્યાંગ મહિલાઓને પહેરવાના ગાઉન, ગરીબોને કપડાં, શ્રમજીવીઓને ઉનાળાના તાપમાં ટોપીઓ જેવી ચીજવસ્તુઓ પુરી પાડે છે. તેઓ સે-૨૨ જૈન ઉપાશ્રયમાં શૈક્ષણિક હેતુ અને હોલના રિનોવેશન માટે, સે-૩૦માં સિંધુધામ મંદિરે સાંઈબાબા-હનુમાનજીની મૂર્તિની પ્રતિષ્ઠા માટે, ડાકોરમાં પુનિત આશ્રમમાં એસી તથા ફર્નીચિર માટે તે ઉપરાંત પાલડીમાં કચ્છી જૈન ભવનમાં રમતગમત તથા ડાયાલીસીસ સેન્ટર માટે દાન આપી ચુકયા છે. તેઓ અલગ અલગ જ્ઞાતિઓના સમૂહ લગ્નોમાં કન્યાદાન તથા દર રમઝાન માસમાં સે-૨૯માં અલમદની ટ્રસ્ટની સ્કૂલના ૩૦ બાળકોને યુનિફોર્મ પુરા પાડે છે. તેમની દાન પ્રવૃત્તિના લિસ્ટ માટે અખબારના તમામ પાના ઓછા પડે તેવા પૃથ્વીભાઈ શાહ મા-બાપના અવસાન બાદ એકલા પડયા અને આજે ભાડાના મકાનમાં રહીને ૭૨ વર્ષની વયે હજુ પણ સતત સેવા અને દાનની પ્રવૃત્તિ સાથે કાર્યરત છે જે તેમને મળનાર સૌ કોઈને નતમસ્તક થવા પ્રેરિત કરે છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com